॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૨૩**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. આંકડામાં લખો. ૧) પાપ ૧૮ ૨) લક્ષણ ૧૦૦૮

૨. બીજું અણુવ્રત શેના વિશેનું છે? **બીજું અણુવ્રત મોટા જૂઠથી નિવૃત્ત થવાનું છે.**

૩. કાલિક અને ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય કેટલા પ્રહર થાય?

**કાલિક સૂત્રનો ચાર પ્રહર અને ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય આઠ પ્રહર થાય.**

૪. સાધુપણાની યાદ કરાવનાર શબ્દો કયા છે? **સમણોऽहं, સંજય, વિરય, પડિહય.**

૫. વર્તમાને કેવળી ભગવાન ક્યાં બિરાજે છે? **૧૫ કર્મભૂમિમાં રહેલા ૫ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.**

૬. જાગૃતિ આપણા હૃદયને કેવું બનાવે છે? **જાગૃતિ આપણા હૃદયને કોમળ અને કરુણામય બનાવે છે.**

૭. લુહારના કામ કરવાથી કયો અતિચાર લાગે? **ઈંગાલકમ્મે**

૮. પ્રહર એટલે શું? **દિવસ કે રાત્રિનો ચોથો ભાગ.**

૯. અપઘાત શેના કારણે થાય છે? **અપઘાત કષાયના કારણે થાય છે.**

૧૦. નમસ્કાર સૂત્રના સ્મરણથી શું દૂર થાય છે?

**નમસ્કાર સૂત્રના સ્મરણથી સર્વ વિઘ્નો, આપત્તિઓ, કષ્ટો દૂર થાય**

**(આ) આવશ્યક સૂત્રના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. સામાયિકના પહેલા બે લક્ષણો લખો. **૧) સર્વ જીવો પ્રતિ સમભાવ ૨) પાંચ ઈન્દ્રિયોનો સંયમ.**

૨. સામાયિકનો સેતુ શું છે? **સ્વરક્ષાથી સર્વ રક્ષા સુધી પહોંચાડવાનો.**

૩. સમકિત સામાયિક એટલે શું? **જિનવચનમાં દઢતમ શ્રદ્ધા રાખવી.**

૪. વંદન કરવાથી કયા ગુણો પ્રગટ થાય છે? **નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે.**

૫. પ્રતિક્રમણ શેની મહત્ત્વપૂર્ણ સાધના છે? એક શબ્દમાં લખો. **આત્મવિશુદ્ધિ.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. સામાયિકમાં પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરી ....., ....., ....., ..... આદિ ધાર્મિક ક્રિયાઓમાં સમય વ્યતીત કરવો. **સ્વાધ્યાય, ધ્યાન, જપ, ધર્મકથા**

૨. સામાયિકથી ..... અને ..... શાંતિ મળે છે. **શારીરિક, માનસિક**

૩. ૨૪ ..... ની ..... અને ..... કરવાથી ..... થાય છે. **તીર્થંકરો, સ્તુતિ, ભક્તિ, દર્શનવિશુદ્ધિ**

**(૨૦)**

**પ્ર.૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૧૦)**

૧. કીડીના દરનો સમાવેશ શેમાં થાય? (અંડ સૂક્ષ્મ, પ્રાણ સૂક્ષ્મ, **લયન સૂક્ષ્મ,** પુષ્પ સૂક્ષ્મ)

૨. જીવ થોડે દૂર સુધી જાય તે કયા પરિણામ? (દીર્ઘ ગૌરવ, ઊર્ધ્વ ગૌરવ, અધો ગૌરવ, **હ્રસ્વ ગૌરવ**)

૩. દઢાયુ કયા તીર્થંકર થશે? (સૂર, નિર્મમ, ઉદય, **સર્વાનુભૂતિ**)

૪. પરિણામ એટલે શું? (આયુષ્યનો સ્વભાવ, આયુષ્યની શક્તિ, **શક્તિ,** સ્થિતિ)

૫. શાસ્ત્રો ભણાવવામાં કુશળ હોય. (શ્રુત સંપદા, વચન સંપદા, **વાચના સંપદા,** મતિ સંપદા)

૬. દ્રવ્યના ભારથી થતી ગતિ (પ્રણોદન ગતિ, ગુરુ ગતિ, **પ્રાગ્ભાર ગતિ,** નરક ગતિ)

૭. દંડના સમયે કેટલી પ્રકૃતિનો ક્ષય કરે છે? (**૩૦,** ૫૪, ૮૪, ૩૫)

૮. વિગયના પ્રકાર કેટલા છે? (૩, ૪, ૬, **૯**)

૯. જાગૃત રહેનાર સાધકનો શું પરિપક્વ બને છે? (દીક્ષા, **સંયમ,** વૈરાગ્ય, આચાર)

૧૦. કોના રુચક પ્રદેશમાં સંકોચ વિસ્તાર થતો નથી? (આકાશ, ધર્મ, અધર્મ, **જીવ**)

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબના શબ્દો કૌંસમાં આપેલા આંક્ડા પ્રમાણે લખો.** **(૬)**

૧. શીલ શબ્દના કેટલા અર્થ બતાવ્યા છે? (૪) **સ્વભાવ, ચારિત્ર, આચાર–વિચાર, બ્રહ્મચર્ય.**

૨. સાધુ કેવી ભાષા ન બોલે? (૬) **માર્મિક, કઠોર, કર્કશ, મિશ્ર, અસત્ય, વેર–વિરોધ.**

૩. વીર્યના ભેદ લખો. (૨) **સકર્મવીર્ય, અકર્મવીર્ય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૪)**

૧. સાધક ભવભ્રમણ કેવી રીતે ઘટાડે છે? **કષાયોની ઉપશાંતિથી.**

૨. પોતાના અજ્ઞાનનું પોષણ કોણ કરે છે? **જેઓ સ્વર્ગના સુખ માટે કે મોક્ષ માટે હિંસક પ્રવૃત્તિ કરે છે.**

૩. સૂયગડાંગ સૂત્રના નવમા અધ્યયનનું નામ શું છે? તેમાં કેટલી ગાથા છે?

**સૂયગડાંગ સૂત્રના નવમા અધ્યયનનું નામ ધર્મ છે. તેમાં ૩૬ ગાથા છે.**

૪. આત્મભાવમાં સ્થિર થવા શેનું પાલન કરે? **બ્રહ્મચર્યનું પૂર્ણતઃ**

(૨૦)

**પ્ર. ૩ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૧૦)**

૧. નજીક રહીને ઉપાસના કરનારા **ઉપાસક**

૨. કયા શ્રાવકને તેર પત્ની હતી? **મહાશતક**

૩. એક ગોકુળ કયા શ્રાવક પાસે હતા? **સકડાલપુત્ર**

૪. કાંપિલપુર નગરમાં કયા શ્રાવક રહેતા હતા? **કુંડકૌલિક**

૫. પ્રાણીઓના ક્રય–વિક્રય સાથે કોના ક્રય–વિક્રયનો ધંધો ચાલતો હતો? **દાસ–દાસીઓના**

૬. માતાની પ્રેરણાથી કોણે પ્રાયશ્ચિત્ત લીધું? **ચુલનીપિતા**

૭. ઉપસર્ગમાં કયા શ્રાવક ચલિત થયા નથી? **કામદેવ/મહાશતક**

૮. સુરાદેવની પત્નીનું નામ શું હતું? **ધન્યા**

૯. શ્રાવકના વ્રત ગ્રહણ કરવાનો ક્રમ કેવો છે? **મનોવૈજ્ઞાનિક**

૧૦. શ્રમણોપાસકની ભૂમિકામાં શ્રાવક કેવો બની શકે છે? **શ્રમણભૂત**

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે આપો. (૬)**

૧. સુપાત્રદાનથી કયા દિવ્ય પ્રગટ થયા? (૫) **સુવર્ણ વૃષ્ટિ, પુષ્પ વૃષ્ટિ, ધ્વજા, દેવદુંદુભિ, અહોદાનં.**

૨. સુબાહુકુમાર કોને ધન્યવાદ આપે છે? (૪) **રાજા, રાજકુમાર, શેઠ, સેનાપતિ.**

૩. અશુભ પ્રકૃતિનું ફળ જીવ માટે કેવું છે? (૩) **અનિષ્ટ, અપ્રિય, દુ:ખરૂપ**

**(૨) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૪)**

૧. ધનપતિની નગરીનું નામ કનકપુર છે. **સાચું.**

૨. ભદ્રનંદીનો પૂર્વભવનું નામ વિજયકુમાર હતું. **સાચું.**

૩. મહાબલકુમારે પૂર્વભવમાં ધર્મસિંહ અણગારને સુપાત્રદાન આપ્યું હતું.

**ખોટું. મહાબલકુમારે પૂર્વભવમાં ઈન્દ્રદત્ત અણગારને સુપાત્રદાન આપ્યું હતું.**

૪. વરદત્ત કુમારના લગ્ન શ્રીકાંતા સાથે થયા હતા. **ખોટું. વરદત્ત કુમારના લગ્ન વીરસેના સાથે થયા હતા.**

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. એહિ **તા ભુંજિમો ભોએ, માણુસ્સં ખુ સુદુલ્લહં । ભુત્તભોગી તઓ પચ્છા, જિણમગ્ગં** ચરિસ્સામો ॥

**અર્થ : તમે અહીં આવો, મનુષ્ય જન્મ મળવો ખરેખર દુર્લભ છે, માટે આપણે બંને ભોગ ભોગવીએ. ભોગ ભોગવ્યા પછી જિનમાર્ગને–ચારિત્રધર્મને ફરીથી અનુસરીશું.**

૨. સોઉણ **રાયકન્ના, પવજ્જં સા જિણસ્સ ઉ । નીહાસા યા નિરાણન્દા, સોગેણ ઉ** સમુચ્છિયા ॥

**અર્થ : એ રાજકન્યા ભગવાનની પ્રવ્રજ્યા – દીક્ષા સુણીને હાસ્ય અને આનંદથી રહિત થઈને શોકથી મૂર્ચ્છિત થઈ.**

૩. જઈ **મજ્જ કારણા એએ, હમ્મન્તિ સુબહૂ જિયા । ન મે અયં તુ નિસ્સેસં, પરલોગે** ભવિસ્સઈ ॥

**અર્થ : જો મારા કારણથી એ ઘણા જીવો હણાશે તો આ કાર્યથી પરલોકમાં મારું કલ્યાણ થશે નહિ.**

૪. કસ્સ **અટ્ઠા ઈ મે પાણા, એ એ સવ્વે સુહેસિણો । વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય** અચ્છહિ? ॥

**અર્થ : અરિષ્ટનેમિએ પૂછ્યું કે–આ બધા સુખાર્થી પ્રાણીને કયા પ્રયોજનને માટે વાડામાં અને પાંજરામાં પૂરવામાં આવ્યા છે?**

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો.** **(૩)**

૧. ગિરિં રેવતયં જંતી, વાસેણુલ્લા ઉ અંતરા । વાસન્તે અંધાયરંમિ, અંતો લયણસ્સ સા ઠિયા ॥

**અર્થ : સાધ્વી રાજેમતી નેમપ્રભુના દર્શનાર્થે એકવાર રૈવતક પર્વત પર જતી વખતે વર્ષાથી ભીંજાયા. અંધારું થઈ ગયું હતું. વર્ષાથી બચવા માટે એક અંધારી ગુફામાં તેઓ રોકાઈ ગયા.**

૨. અહાહ જણાઓ તીસે, વાસુદેવં મહિડ્ઢિયં । ઈહાગચ્છઉ કુમારો, જા સે કન્નં દદામિ હં ॥

**અર્થ : યાચના કર્યા પછી આ રાજેમતીના પિતાએ મહર્દ્ધિક શ્રી કૃષ્ણ વાસુદેવને કહ્યું, જો નેમિકુમાર અહીં પધારે તો હું આ કન્યા તેને આપું.**

**(૩) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૩)**

૧. ઉગ્ગં **તવં ચરિત્તાણં, જાયા દોણ્ણિ વિ કેવલી । સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા** અણુત્તરં ॥

૨. જીવિયંતં **તુ સંપત્તે, મંસટ્ઠા ભક્ખિયવ્વએ ।પાસિત્તા તે મહાપન્ને, સારહિં** ઈણમબ્બવી ॥

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૨)**

૧. નેમિકુમારને શેનાથી વિભૂષિત કર્યા? **ઘરેણા** ૨. નેમિકુમારે કયા નક્ષત્રમાં દીક્ષા લીધી? **ચિત્રા**

૩. હાથી શેનાથી વશ થાય છે? **અંકુશ** ૪. રહનેમિ કયા પરિષહથી પરાજિત થયા? **સ્ત્રી**

**(૨૦)**

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. શંખ નિધિ અને કાલ નિધિ એટલે શું?

**શંખ નિધિ : મોક્ષના સાધન બતાવનાર શાસ્ત્ર તથા ગદ્ય–પદ્ય શાસ્ત્રો, વાજિંત્રોની પ્રાપ્તિ.**

**કાલ નિધિ : અષ્ટાંગ નિમિત્તના ઈતિહાસ તથા કુંભકારના શિલ્પ શાસ્ત્રની જાણકારી.**

૨. ધર્મદેવ શા માટે વૈમાનિક દેવ બને છે? **કર્મો શેષ રહે તો.**

૩. દેવાધિદેવ પાસે કેટલી શક્તિ હોય છે? એક શબ્દમાં લખો. **અનંત**

૪. કયા દેવ લબ્ધિસંપન્ન હોય તો વિકુર્વણા કરી શકે? બે શબ્દમાં લખો. **ભવિય દ્રવ્યદેવ, ધર્મદેવ.**

૫. ધર્મદેવ વધારે કે નરદેવ? કેટલા? **ધર્મ દેવ વધારે. સંખ્યાતગુણા.**

૬. નરદેવની ભવ સ્થિતિ કેટલી? **જઘન્ય ૭૦૦ વર્ષ ઉત્કૃષ્ટ ૮૪લાખ પૂર્વ વર્ષ.**

૭. દેવાધિદેવની અવગાહના લખો. **જઘન્ય ૭ હાથ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ.**

૮. ભવિય દ્રવ્યદેવનો સંચિટ્ઠણા લખો. **જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ.**

૯. ભાવદેવનો ઉપપાત લખો. **૧૧૧ તે ૧૦૧ સંજ્ઞી મનુ., ૫ સંજ્ઞી તિ., ૫ અસંજ્ઞી તિર્યંચ એ ૧૧૧ ના પર્યા.**

૧૦. નરદેવનું અંતર કેટલું? રસોઈયા કેટલા?

**જઘન્ય એક સાગરોપમ ઝાઝેરું, ઉત્કૃષ્ટ દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન. ૩૬૦ રસોઈયા.**

**(આ) કોઠો બનાવીને માર્ગણા લખો. (૧૦)**

| માર્ગણા | ના | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. વચનયોગી ત્રણ શરીરમાં | ૭ | ૮ | ૮૬ | ૯૯ | ૭ નરક, ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે., ૮૬ જુગલિયા, ૯૯ દેવ એ ૨૦૦ ના પર્યાપ્તા | ૨૦૦ |
| ૨. લવણસમુદ્ર ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૨૪ | ૧૬૮ | ૦ | ૪૮ તિર્યંચના ભેદમાંથી સ્થાવરના ૨૨ અને ૨ બેઈ.ના ભેદ વર્જીને, ૫૬ અંતરદ્વીપ × ૩ = ૧૬૮ | ૧૯૨ |
| ૩. ઘ્રાણેન્દ્રિય મિશ્રયોગ શાશ્વતામાં | ૭ | ૧૨ | ૧૫ | ૮૫ | ૭ નારકીના પર્યા., તેઈ., ચૌરે., ૫ અસંજ્ઞી તિ. પંચે.ના અપર્યા., ૫ સંજ્ઞી તિ. પંચે.ના પર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા., ૯૯ દેવમાંથી ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૧૪ પર્યા. વર્જીને | ૧૧૯ |
| ૪. પંચેન્દ્રિય નપુંસકવેદમાં | ૧૪ | ૨૦ | ૧૩૧ | ૦ | ૧૪ નારકીના, ૨૦ તિર્યંચ પંચે.ના, ૧૦૧ સંમૂ. મનુ.ના અપર્યા., ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા. | ૧૬૫ |
| ૫. નો ગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તામાં | ૩ | ૧૯ | ૧૦૧ | ૫૧ | ૫, ૬, ૭ ત્રણ નરકના અપર્યાપ્તા, નો ગર્ભજ તિર્યંચના ૩૮ ભેદમાંથી ૧૯ અપર્યા., ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા., ૫૧ જાતિના દેવના અપર્યાપ્તા | ૧૭૪ |

**જય – જિનેન્દ્ર**